અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરને ગાંધીનગર શહેર અને ગ્રામ્યના
મ.ભો.યો.કેન્દ્રોના સંચાલનના કોન્ટ્રાકટની મુદત લંબાવવા
બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૧૫/૨૨૭ /આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૦૭/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગના તા.૧૧/૬/૨૦૦૭,તા.૨૯/૬/૨૦૧૦,તા.૨૯/૭/૨૦૧૩ અને તા.૨૮/૭/૨૦૧૪ ના સરખા ક્રમાંકઃ- મભય/૧૦૦૬/સીએમ-૧૨૯/આર,

(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૧૮/૦૫/૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૯૩૭/૪૨૫૩-૫૪ અને તા.૦૮/૦૭/૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૧૪૨૫/૬૭૦૮,

ઠરાવ –

કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના સંદર્ભ ક્રમાંક-(૨)ના પત્રોમાં જણાવ્યા મુજબ શિક્ષણ વિભાગના તા.૨૮/૭/૨૦૧૪ ના ક્રમાંકઃ- મભય/૧૦૦૬/સીએમ-૧૨૯/આર ઠરાવથી અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરને ગાંધીનગર શહેરની-૨૯ અને ગ્રામ્યના-૧૫૪ મ.ભો.યો.કેન્દ્રો મળીને કુલ-૧૮૩ કેન્દ્રોનું સંચાલન કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના સંદર્ભ ક્રમાંક-(૨)ના પત્રોથી તા.૧૦/૬/૧૫ થી વધુ એક વર્ષ માટે એટલે કે તા.૦૯/૬/૧૬ સુધી ઉકત સંચાલનની મુદત લંબાવી આપવા દરખાસ્ત કરવામાં આવેલ જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨/ સરકારશ્રીની કાળજી પૂર્વકની વિચારણાને અંતે અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરને ગાંધીનગર શહેરની-૨૯ અને ગ્રામ્યના-૧૫૪ મ.ભો.યો.કેન્દ્રો મળીને કુલ-૧૮૩ કેન્દ્રોના સંચાલન માટે તા.૧૦/૬/૧૫ થી વધુ એક વર્ષ માટે એટલે કે તા.૦૯/૬/૧૬ સુધી મુદત લંબાવી આપવાનું આથી નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

શરતો :-

(૧) શિક્ષણ વિભાગના તા.૩/૬/૨૦૧૦ના સરખા ક્રમાંકના ઠરાવની બોલીઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) મ.ભો.યો.ના લાભાર્થીઓની સંખ્યામાં ૫ % વધારો થાય તે માટે કલેકટરશ્રીઅને અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોર દ્વારા પ્રયત્નો કરવાના રહેશે.

(૩) લાભાર્થીઓની દરેક ત્રણ માસમાં તેમની ન્યુટ્રીશીયન ચેક કરવાનું રહેશે અને બોડી માસ ઇન્ડેકસ (B.M.I.)ના આધારે તપાસણી કરવાની રહેશે.

(૪) કમિ.મ.ભો.યો.એ આ સંસ્થાની કામગીરી બાબતે દર બે મહિને આકસ્મિક તપાસ કરાવીને તેનો અહેવાલ સરકારને મોકલવાનો રહેશે.

(૫) આ સમયગાળા દરમ્યાન કમિ.મ.ભો.યો.એ સંસ્થાની કામગીરી અંગેનો મુલ્યાંકન અહેવાલ રજુ કરવાનો રહેશે.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા.૧૭/૦૭/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.

--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ)ની કચેરી,ગાંધીનગર.

-- ચેરમેનશ્રી, અક્ષયપાત્ર સંસ્થા,અમદાવાદ ડેન્ટલ કોલેજ સામે,મું.સાંતેજ તા.કલોલ,જિલ્લો ગાંધીનગર-૩૮૨૧૧૫

-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.

-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

-- કલેકટરશ્રી, ગાંધીનગર.

-- નાયબ કલેકટરશ્રી(મ.ભો.યો.), ગાંધીનગર.

-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)

-- નાયબ સેકશન અધિકારીશ્રી,

-- સિલેકટ ફાઇલ.